# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા–૦૨/૧૭–૧૮/ ૬૧૧૮ તા. ૧૧/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભાનુકુમાર રણછોડભાઈ વેકરીયા,
ગામ : જીલરીયા,
તા. પડધરી
જી. રાજકોટ
મો: ૭૪૦૫૦૬૮૦૫૩, ૯૭૨૫૩ ૩૦૬૫૩

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૪/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, પડધરી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૪/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ભાનુકુમાર રણછોડભાઈ વેકરીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે રજનીભાઈ દામજીભાઈ ઉઘાડ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, પડધરી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ:જીલરીયા ખાતે મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ના, મંજુરી ના, રકમ રૂ.૭,૨૩૫/– ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ, ભાવપત્રક નં.૫૯૮૨, તા.૨૦–૦૮–૧૬, ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ હતી. આ સમય દરમ્યાન તેઓ સંજોગોવસાત ( ભાવપત્રક ની ટપાલ, અભણ અને વૃધ્ધ માણસ ને મળેલ હોય, અને આ ટપાલ મહિનાઓ સુધી પડી રહેલ હોય) રકમ ભરપાઈ કરી શકે તેમ ન હોય, જેથી સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની તેઓએ, સબંધક કચેરી મા, તા.૦૮–૦૬–૧૭ ના રોજ અરજી આપી, અને, કુલ ૦૯ માસ ની મુદત મર્યાદા વધારાની માંગણી કરેલ છે. પરંતુ, સદર માંગણી નામંજુર કરાયેલ હોય, તેઓ શ્રી, ગરીબ , અભણ અને નાના ખેડુત હોય, વર્ષો બાદ તેમના જીવન નિર્વાહ માટે નુ જોડાણ મંજુર કરાયેલ હોય, સ્થિતી / પરીસ્થિતી ને સહાનુભુતી અને માનવતાની રૂએ મુલવી અને તેઓને, સદર મુદત વધારો – જે ૦૧ વર્ષ સુધી આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની, તેઓના ગામ:જીલરીયા ખાતે મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ નુ – મંજુરી નુ, રકમ રૂ.૭,૨૩૫/– ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ, ભાવપત્રક નં.૫૯૮૨, તા.૨૦–૦૮–૧૬ ના રોજ અપાયેલ હતુ. આ ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ " અરજદાર વતી શ્રી પટેલ રણછોડ ભુરાભાઈ " એ સ્વીકારી, અને એકનોલેજમેન્ટ ની પાવતી મા સહી કરી આપેલ હતી. આ પાવતી પીજીવીસીએલ ની સબંધક કચેરી ના રેકર્ડ મા ઉપલબ્ધ છે. આમ, અરજદાર શ્રી ને તેમના મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક, ખરેખર મળી ચુકેલ હોવાની બાબત ને રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ પણ, સદર ભાવપત્રક મળી ચુકેલ હોવાની બાબત પણ સ્વીકારેલ છે. |
| ૨.૨ | પરંતુ, અરજદાર શ્રી એ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, નવા ખેતીવાડી વીજજોડાણ ના, યોગ્ય સમયમર્યાદા મા સ્વીકારેલ એવા, સદર ભાવપત્રક, કે જેની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ હતી. તેમ છતા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પહેલા, સદર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. તેમજ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પહેલા, તેમજ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા હાલ ના તબ્બકે, ના નિયમ મુજબ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી પણ, સદર ભાવપત્રક ની મુદત મા વધારો મેળવવા માટે ની, વિધીસર ની લેખીત અરજી પીજીવીસીએલ મા આપેલ ન હતી. પરંતુ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી ના, ૦૬ માસ જેવા ખાસ્સા સમયગાળા બાદ, એટલેકે તા.૦૮–૦૬–૧૭ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારી આપવા માટે ની, લેખીત અરજી આપેલ હતી. |

| | |
|---|---|
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી ના, ૦૬ માસ જેવા ખાસ્સા સમયગાળા બાદ, એટલેકે તા.૦૮–૦૬–૧૭ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારી આપવા માટે ની, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર લેખીત અરજી, જે અક્ષમ્ય વિલંબીત સમયગાળા બાદ ની હોય, પીજીવીસીએલ ની સબંધક સક્ષમ એવી વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની સદર, ૦૯ માસ ની મુદત સમયમર્યાદા વધારવા માટે ની અરજી ગ્રાહય રખાયેલ ન હતી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળા ભાવપત્રક ની મુદત સમયમર્યાદા વધારવા માટે ની અરજી, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ગ્રાહય રહેલ નથી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના નવા ખેતીવાડી વીજજોડાણ ના મંજુરી ના ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ, જે અરજદાર શ્રી એ, નિયત સમયમર્યાદા મા જ સ્વીકારી, અને એકનોલેજમેન્ટ ની પાવતી મા સહી કરી આપેલ છે. તે બાબત નો, અરજદાર શ્રી એ ખુદેજ સ્વીકાર કરેલ છે. પરંતુ, સદર ભાવપત્રક ની રકમ, અરજદાર શ્રી એ નિયત સમયમર્યાદા મા ભરપાઈ કરેલ નથી. તેમજ, નિયત સમયમર્યાદા પહેલા અને પછી, એટલેકે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ,સદર ભાવપત્રક ની સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પહેલા, તેમજ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા હાલ ના તબ્બકે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી ના ૦૧ માસ પહેલા, એટલેકે તા.૨૯–૧૦–૧૬ પહેલા, સદર ભાવપત્રક ની મુદત મા વધારો મેળવવા માટે ની, વિધીસર ની લેખીત અરજી પીજીવીસીએલ મા આપેલ ન હતી. પરંતુ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી ના, ૦૬ માસ જેવા ખાસ્સા સમયગાળા બાદ, એટલેકે તા.૦૮–૦૬–૧૭ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારો મેળવવા માટે ની, પીજીવીસીએલ મા લેખીત અરજી આપેલ હતી.આ બાબત નો અરજદાર શ્રી એ સ્વીકાર કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ની સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારો મેળવવા માટે ની, પીજીવીસીએલ મા લેખીત અરજી, પીજીવીસીએલ દ્રારા ગ્રાહય રહેલ ન હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ સવાલવાળી અરજી – જે '' વૃધ્ધ અને અભણ ખેડુત, કે જેમને, નિયત સમયમર્યાદા પહેલા ભાવપત્રક ની ટપાલ સ્વીકારેલ હોય, અને ટપાલ ની વિગત થી અજાણ હોય, આવા કારણોસર, નિયત સમયમર્યાદા મા, સદર ટપાલ માહેની રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ થયેલ ન હોવાના કારણોસર'' – ફોરમ સમક્ષ રજુ કરેલ છે. |
| ૩.૨ | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની, અગાઉ તા.૦૮–૦૬–૧૭ ના રોજ ની, પીજીવીસીએલ સમક્ષ ની, તેમજ હાલ ના તબ્બકા ની ફોરમ સમક્ષ ની સવાલવાળી, સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારો મેળવવા માટે ની લેખીત અરજીઓ, '' જે – ખરેખર ભાવપત્રક – નિયત સમયમર્યાદા મા મળી ચુકેલ હોવા છતા – નિયત સમયમર્યાદા પહેલા ભાવપત્રક ની રકમ ભરપાઈ થયેલ ન હોય, તેમજ નિયત સમયમર્યાદા પહેલા અને નિયત સમયમર્યાદા પછી ના ૦૧ માસ ની વધુ સમયમર્યાદા પહેલ પણ'' સદર ભાવપત્રક ની મુદત વધારો મેળવવા માટે ની લેખીત અરજી પીજીવીસીએલ મા અપાયેલ ન હોય, પરંતુ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૯–૦૯–૧૬ પછી ના, ૦૬ માસ જેવા ખાસ્સા સમયગાળા બાદ, એટલેકે તા.૦૮–૦૬–૧૭ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધુ ૦૯ માસ માટે, વધારો મેળવવા માટે ની, પીજીવીસીએલ મા લેખીત અરજી આપેલ હતી.આમ, સદર તા.૦૮–૦૬–૧૭ ની, અને હાલ ના તબ્બકે ની ફોરમ સમક્ષ ની સવાલવાળી, એવી અરજદાર શ્રી ની અરજીઓ, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ના ધોરણો અને જોગવાઈઓ મુજબ, અક્ષમ્ય વિલંબીત સમયગાળા પછી ની હોય, જે ગ્રાહય રાખી શકાય નહી. તે બાબત ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.-૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની, તેમના નવા મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની મુદત, જે વધુ ૦૯ માસ માટે મેળવવા માટે ની, અરજદાર શ્રી ની સવાલવાળી અરજી, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ના ધોરણો અને જોગવાઈઓ મુજબ, અક્ષમ્ય વિલંબીત સમયગાળા પછી ની હોય, જે ગ્રાહય રાખી શકાય નહી. તે બાબત ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.